| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૪ | ૦૭ | ૨૦૨૬ |
| સમય અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૨ | ૨૯ |

**ક્રિમીનલ કેસ નં– ૨૯૦/૨૦૨૬**

**આંક:–** ૧૪

**FORM - A**

| **હાંસોટના મહે.જીયુડી. મેજી. ફસ્ટ કલાસ સાહેબશ્રી એસ.એસ. અજમેરીની કોર્ટમા**<br><br>**(જજમેન્ટ તારીખ– ૦૪/૦૭/૨૦૨૬ )**<br>**(હાંસોટ પોલીસ સ્ટેશન, ગુ.ર.નં– ૧૧૧૯૯૦૨૪૨૫૦૩૩૭/૨૦૨૫ )**<br>**બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબ** | |
|---|---|
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર.**<br>**( મુળ ફરિયાદી – સંજયકુમાર દલપતભાઇ પટેલ )** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એ.પી.પી.શ્રી એચ.વી.મોદી |
| **આરોપીઓ :–** | ૧) ઉસ્માન મોહમદ સઇદ મોહમદ જીકરી સીદ્દીકી<br>રહે – એમ.પી. નગર, કાપોદ્રા, તા. અંકલેશ્વર, જી.ભરૂચ<br>૨) મોહમદ સલમાન અબ્દુલ કલામ ચૌધરી<br>રહે – બાપુનગર, નુર મસ્જીદ શેરી, તા. અંકલેશ્વર, જી.ભરૂચ |
| આરોપી નં ૧ તરફે :– | વિ.વ.શ્રી ઝેડ.યુ. ચૌહાણ |
| આરોપી નં ૨ તરફે :– | વિ.વ.શ્રી એચ.એન. પરમાર |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૫/૦૭/૨૦૨૫ |
| એફ.આઈ.આર.તારીખ– | ૫/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૧૭/૧૨/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૨૫/૦૫/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૨૫/૦૫/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૧૧/૦૬/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૦૪/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ–૪૨૮ અન્વયે ઈન્સફી કાર્યવાહી દરમ્યાન અટકાયતમા પસાર કરેલ સમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉસ્માન મોહમદ સઈદ મોહમદ જીકરી સીદ્દીકી | | | બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ | નિર્દોષ | – | લાગુ પડતી નથી. |
| ૨ | મોહમદ સલમાન અબ્દુલ કલામ ચૌધરી | | | બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ | નિર્દોષ | | લાગુ પડતી નથ |

**FORM - C**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના સાહેદોનું લીસ્ટ:–**

<u>**એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–**</u>

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | સંજયકુમાર દલપતભાઇ પટેલ | ૧૦ | ફરિયાદી |

**<u>બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––– | ––– |

**<u>સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદ |
| ૨ | ૧૨ | ગુનવાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૩ | ક્લોઝીંગ પુરસીસ |

**<u>બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજ નું વર્ણન** |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજ નું વર્ણન** |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>–: ચુકાદો :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ મોજે વાલનેર અને રાયમા ગામના રોડની બાજુમા ફરિયાદીએ પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્રો કાળા કલરની મો.સા. નં. જીજે–૧૬–એ.એસ.–૫૨૦૮ જેનો એન્જીન નંબર HA10EGBHK25270 તથા ચેસીસ નંબર. MBLHA10ABBHK17525 પાર્ક કરેલ જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– છે જે કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ એકબીજાની મદદગારી

કરી ગુનો કરી બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોક્ત ગુન્હા સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામે આંક –૫ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક – ૬ થી ૭ ની પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીઓ એ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરવામાં આવતા, અને આ કામે પડેલ પુરાવો જોતા આરોપીઓનું સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા જેટલો પુરાવો જણાય આવતો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરેલ છે જેમા અમારો કેસ શંકાથી પર સાબીત કરેલ છે જેથી ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામના આરોપીઓ એ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, તેઓ સામે ખોટો કેસ કરવામાં આવેલ છે અને આરોપીઓ નિર્દોષ છે તેઓ સામે રહેમ રાખી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતે નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદી પક્ષ નિઃશકપણે પુરવાર કરેલ છે કે, આ કામના આરોપીએ મોજે વાલનેર અને રાયમા ગામના રોડની બાજુમા ફરિયાદીએ પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્રો કાળા કલરની મો.સા. નં. જીજે–૧૬–એ.એસ.–૫૨૦૮ જેનો એન્જીન નંબર HA10EGBHK25270 તથા ચેસીસ નંબર. MBLHA10ABBHK17525 પાર્ક કરેલ જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– છે જે કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુનો કરી બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૭) મારા ઉપરોકત મુદ્દાઓ પરત્વેના તારણો ઉપર આવવા માટેના કારણો નીચે મુજબ છે.

<u>::: કા..ર..ણો :::</u>

**<u>મુદ્દા નંબર ૧ :–</u>**

(૮) સદર કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવો જોઈએ.

(૯) બી.એસ.એ. ની કલમ – ૧૦૪ થી ૧૦૬ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર હોય ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં

ફરિયાદપક્ષે આંક –૧૦ થી ફરિયાદી સંજયકુમાર દલપતભાઇ પટેલને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા સવારના દસેક વાગ્યાના અરસામા હુ મારા ઘરે થી વાલનેર અને રાઇમા ગામની વચ્ચે આવેલ મારા ખેતરે ખેતી કામ કરવા માટે અમારી મો.સા.નં. જીજે ૧૬ એ એસ ૫૨૦૮ લઇને ગયેલ અને વરસાદના કારણે મો.સા. ખેતરમા લઇ જઇ શકાય તેમ ન હોય જેથી હુ રાઇમા ગામના રોડ ઉપર પાર્ક કરીને ખેતરમા કામ કરવા માટે ગયેલ અને ત્યાંથી પરત આવતા મારી મો.સા. તે જગ્યા ઉપર ન હતી.અને આજુબાજુ તથા ગામમા તપાસ કરતા તે મળી આવેલ નહિ. જેથી કોઇક ઇસમ ચોરી ગયેલ હોય અને મો.સા. ની કિંમત રૂ. ૧૫૦૦૦/– જેટલી થતી હોય મે મારી મો.સા. ચોરી થયા બાબતની હાંસોટ પો.સ્ટે. મા પોલીસ ફરિયાદ આપેલી મને મારી અસલ ફરિયાદ બતાવવામા આવે છે તે જોઇને કહુ છુ કે તેમા ફરિયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. મારી મોટર સાયકલ કોણ ચોરી ગયેલુ તેની મને ખબર નથી અને પાછળથી પણ મે કઇ જાણેલુ નહિ. મને મારી મો.સા. સાવ તુટી ગયેલી અવસ્થામા મળી આવેલ. સદર સાહેદ તેમની ઉ.ત. મા જણાવે છે કે, અમારે આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે. સદર સાહેદ સ્વીકારે છે કે બનાવવાળી જગ્યા અવર જવર વાળો માર્ગ છે. તથા ઘણાબધા વાહનોની અવર જવર રહે છે અને આજુબાજુમા ઘણા બધા ખેતરો આવેલા છે એ વાત ખરી છે કે ખેતરમા બીજા લોકો કામ કરતા હતા તથા આરોપીની મારી રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી. સાહેદ સ્વીકારે છે કે મારુ વાહન મને પરત મળી ગયેલ છે.

(૧૦) આ કામે ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાઇ આવે છે કે, આંક – ૧૦ થી ફરિયાદીએ સ્વીકારેલ છે કે આરોપીની તેમના રૂબરૂ કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી અને ફરિયાદીએ બનાવ નજરે બનતા જોયેલ નથી. તેથી ફરિયાદી આરોપી સામેનો કેસ નિશકપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આમ ઉપરોક્ત વિગતે ફરિયાદપક્ષે રજુ થયેલ લેખિત, મૌખિક પુરાવો તથા બંને

પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત છે તે સાબિત કરવા માટે પ્રથમ તો એ સાબિત કરવુ પડે કે, આ કામના આરોપીએ મોજે વાલનેર અને રાયમા ગામના રોડની બાજુમા ફરિયાદીએ પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્રો કાળા કલરની મો.સા. નં. જીજે–૧૬–એ.એસ.–૫૨૦૮ જેનો એન્જીન નંબર HA10EGBHK25270 તથા ચેસીસ નંબર. MBLHA10ABBHK17525 પાર્ક કરેલ જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– છે જે કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ એકબીજાની મદદગારી કરી ગુનો કરી બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનુ તહોમત થઇ શકે.

(૧૨) જે અનુસંધાને રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવો ધ્યાને લેતા આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાની અને કાયદાકીય જોગવાઇઓની એક સાથે ચર્ચા કરી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, આ કામના આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબનના ગુનાનુ તહોમત મુકવામા આવેલ છે, ત્યારે આરોપી વિરુધ્ધના સદર ગુનાનુ તહોમત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે અને તે તત્વો શંકાથી પર પુરવાર થાય તો જ આરોપીને ઉપરોક્ત ગુનાની કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

(૧૩) ઉપર મુજબના આવશ્યક તત્વોને ધ્યાનમાં લેવામા આવે તો ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપાએલ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓએ હાલનો ગુનો કર્યો હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. આમ, ઉપરોક્ત વિગતે સમગ્ર ચર્ચાના અંતે અહી ફરિયાદપક્ષ આરોપીની વિરુધ્ધના આક્ષેપ નિઃશકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય અને આ હકીકતો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવાનુ ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) આ કામના આરોપી નં ૧) ઉસ્માન મોહમદ સઇદ મોહમદ જીકરી સીદ્દીકી રહે – એમ.પી.

નગર, કાપોદ્રા, તા. અંકલેશ્વર, જી.ભરૂચ નં. ૨) મોહમદ સલમાન અબ્દુલ કલામ ચૌધરી રહે – બાપુનગર, નુર મસ્જીદ શેરી, તા. અંકલેશ્વર, જી.ભરૂચઓને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ – ૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ કાયમ રાખવામા આવે છે

(૩) આરોપીઓને અગાઉ આપેલા જામીન બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૧ મુજબ જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.</u>**

તા. ૦૪/૦૭/૨૦૨૬
સ્થળ : હાંસોટ.

**(એસ.એસ. અજમેરી)**
જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
હાંસોટ,
કોડ નં. જી.જે.૦૧૫૨૫